LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ઑક્ટોબરમાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં ₹ ૧૯૬૧ કરોડનો આંતરપ્રવાહ

નવી દિલ્હીઃ તહેવારોની મોસમ અને લગ્નસરાની મોસમમાં સોનાના ભાવમાં વધારો થવાની શક્યતાને ધ્યાનમાં લેતા ગત ઑક્ટોબર મહિનામાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં માસાનુમાસ ધોરણે આંતરપ્રવાહ ૫૯ ટકા વધીને રૂ. ૧૯૬૧ કરોડની સપાટીએ રહ્યો હતો.

તેમ જ ગત ઑક્ટોબર, ૨૦૨૩માં જોવા મળેલા રૂ. ૮૪૧ કરોડનાં પ્રવાહ કરતાં બમણો રહ્યો હોવાનું એસોસિયેશન ઑફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફી)એ આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. જોકે, ગત ઑક્ટોબર મહિનામાં રોકાણકારોના આંતરપ્રવાહમાં વધારો થતાં સોનાના ફંડોમાં એસેટ્સ અન્ડર મૅનૅજમેન્ટ જે સપ્ટેમ્બરના અંતે રૂ. ૩૯,૮૨૩ કરોડની સપાટીએ હતી તે ૧૨ ટકા વધીને રૂ. ૪૪,૫૪૫ કરોડની સપાટીએ રહી છે.

વર્તમાન વર્ષ ૨૦૨૪માં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૭૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી શક્યતા ઉપરાંત ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ જોવા મળી રહ્યું હોવાથી તેની સોનાના વૈશ્વિક ભાવ પર અને રોકાણો પર કેવી અસર પડે છે તે જોવું રહ્યું, એમ મોર્નિંગસ્ટાર ઈન્વેસ્ટમેન્ટ રિસર્ચ ઈન્ડિયાના રિસર્ચ મૅનૅજર હિમાંશુ શ્રીવાસ્તવાએ જણાવ્યું હતું.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત ઑક્ટોબર મહિનામાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોના ચોખ્ખા આંતરપ્રવાહમાં આગલા મહિનાના રૂ. ૧૨૩૩ કરોડ સામે તિવ્રપણે વધીને રૂ. ૧૯૬૧ કરોડની સપાટીએ રહ્યો હતો. આ પૂર્વે ઑગસ્ટ મહિનામાં રૂ. ૧૬૧૧ કરોડનો, જુલાઈ મહિનામાં રૂ. ૧૩૩૭ કરોડનો, જૂન મહિનામાં રૂ. ૭૨૬ કરોડનો અને મે મહિનામાં રૂ. ૮૨૭ કરોડનો આંતરપ્રવાહ રહ્યો હતો. તેના પહેલા એપ્રિલ મહિનામાં રૂ. ૩૯૬ કરોડનો બાહ્યપ્રવાહ રહ્યો હતો.

તહેવારો અને લગ્નસરાની મોસમમાં સોનાના ભાવમાં વધારો થવાની શક્યતાને ધ્યાનમાં લેતાં રોકાણકારો સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં રોકાણ કરવા માટે પ્રેરિત થયા હતા. વધુમાં છેલ્લા એક વર્ષમાં સોનામાં રોકાણકારોને આકર્ષક વળતર છૂટ્યું હોવાથી ઘણાં રોકાણકારોએ રોકાણ વિકેન્દ્રિત કરીને પોર્ટફોલિયોમાં સોનાનો સમાવેશ કર્યો હોવાનું હિમાંશુએ ઉમેર્યું હતું.

છેલ્લાં થોડાં વર્ષોમાં સોનાએ ઉત્કૃષ્ટ વળતર આપ્યું હોવાથી નોંધપાત્ર રોકાણકારો આકર્ષિત થયા છે, જે ફોલિયોની સંખ્યામાં થતા સતત વધારાથી ફલિત થાય છે. નોંધનીય બાબત એ છે કે જાન્યુઆરી, ૨૦૨૦થી આ કેટેગરીમાં રૂ. ૨૪,૧૫૩ કરોડનો ચોખ્ખો આંતરપ્રવાહ જોવા મળ્યો છે અને રોકાણકારોનું આ સેગ્મેન્ટમાં આકર્ષણ વધ્યું છે.

વૈશ્વિક અનિશ્ચિતતા, વૈશ્વિક તણાવ, વૈશ્વિક સ્તરે ફુગાવાલક્ષી દબાણ તથા વ્યાજદરમાં અનિશ્ચિતતા જેવાં કારણો અને વધતા ફુગાવા સામે હેજ માટે સોનાને સેફ હેવનનો દરજ્જો મળતા છેલ્લાં કેટલાંક વર્ષોથી સોનામાં રોકાણકારોનું આકર્ષણ વધ્યું છે અને તે જળવાઈ રહેવાની શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

વધુમાં ગત ઑક્ટોબર મહિનામાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં ફોલિયોની સંખ્યા જે આગલા મહિનામાં ૫૭.૧૧ લાખની સરખામણીમાં બે લાખ કરતાં વધુ માત્રામાં વધીને ૫૯.૧૩ લાખના સ્તરે પહોંચી હતી. ■

વૈશ્વિક રાજકીય-ભૌગોલિક તણાવ વધતા સોનામાં વિશ્વ બજાર પાછળ બાઉન્સબૅકથી જ્વેલરોની ખરીદીને બ્રેક, રિટેલ માગ મર્યાદિત

કોમોડિટી
રમેશ ગોહિલ

વિતેલા સપ્તાહે અમેરિકી પ્રમુખ જો બાઈડને યુક્રેનને રશિયાના દૂર સુધીના વિસ્તારો પર હુમલો કરવા માટે મંજૂરી આપવાની સાથે વૈશ્વિક સ્તરે ભૌગોલિક-રાજકીય તણાવમાં વધારો થવાથી સોનામાં સલામતી માટેની માગને ટેકે ભાવમાં ઊછાળો આવતા ભાવમાં છેલ્લા બે વર્ષનો સૌથી મોટો સાપ્તાહિક ધોરણે ઊછાળો જોવા મળ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો નબળો પડ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં પણ વધારો થતાં સોનાની તેજીને વધુ ઈંધણ મળતાં ભાવમાં બાઉન્સબૅક થતાં આગલા સપ્તાહે જે નીચા મથાળેથી જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગનો જોવા મળેલો ચમકારો શાંત પડ્યો હતો અને જ્વેલરી ઉત્પાદકોની લેવાલી ઘટી હતી, જ્યારે રિટેલ સ્તરની લગ્નસરાની માગ જોવા મળી હતી, પરંતુ અપેક્ષિત વૉલ્યુમનો વસવસો રહ્યો હતો. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ વેરા રહિત ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૪મી નવેમ્બરના રૂ. ૭૩,૭૩૯ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૭૪,૬૦૫ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ખૂલતી જ રૂ. ૭૪,૬૦૫ની સપાટી અને ઉપરમાં સપ્તાહના અંતે રૂ. ૭૭,૭૮૭ની સપાટીએ બંધ રહ્યા હતા. આમ ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૦૪૮ની અથવા તો ૫.૪૮ ટકાની તેજી જોવા મળી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત સપ્તાહે ૨૦મી નવેમ્બરના રોજ મહારાષ્ટ્રની વિધાનસભાની ચૂંટણી હોવાથી બજાર સત્તાવાર ધોરણે બંધ રહી હતી. એકંદરે આગલા સપ્તાહે સ્થાનિકમાં સોનાના ભાવમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળતા જ્વેલરોની લેવાલી સક્રિય રહી હતી, પરંતુ ગત સપ્તાહે ભાવમાં બાઉન્સબૅક થતાં જ્વેલરોની ખરીદીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હોવાનું મુંબઈ સ્થિત એક હોલસેલર ચેન્નાજી નરસિંહજીનાં પ્રોપ્રાઈટર અશોક જૈને જણાવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ગત સપ્તાહે સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ત્રણ ડૉલર આસપાસના પ્રીમિયમમાં ક્વૉટ કરી રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહમાં ભાવ ઘટી આવ્યા હોવાથી ડીલરો વૈશ્વિક ભાવની સરખામણીમાં ભાવ ઔંસદીઠ ૧૬ ડૉલર પ્રીમિયમમાં ક્વૉટ કરી રહ્યા હતા. ગત સપ્તાહે વૈશ્વિક ભાવમાં તેજી ઉપરાંત ડૉલર સામે રૂપિયો નબળો પડતાં આયાત પડતર વધવાથી સોનામાં આગઝરતી તેજી જોવા મળી હોવાથી ઘણાં ખરીદદારોએ થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી હોવાથી માગ શાંત પડી હોવાનું એક આયાતકારે જણાવ્યું હતું. અમેરિકી પ્રમુખ જો બાઈડને યુક્રેનને લાંબા અંતરના પ્રક્ષેપાસ્ત્ર વાપરવાની મંજૂરી આપતાં રશિયા-યુક્રેન વચ્ચેનું યુદ્ધ રશિયા-અમેરિકાના યુદ્ધમાં પરિણમે તેવી ભીતિ સપાટી પર આવતા સોનામાં સલામતી માટેની માગ પ્રબળ બની હોવાનું એલિગન્સ ગોલ્ડના ચીફ ઓપરેટિંગ ઑફિસર એલેક્સ એબકરિમે જણાવ્યું હતું. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૧.૫૦ ટકાના ઉછાળા સાથે બે સપ્તાહ બાદ પ્રથમ વખત ઔંસદીઠ ૨૭૦૦ ડૉલરની સપાટી કુદાવીને ૨૭૦૯.૨૪ ડૉલર આસપાસના મથાળે રહ્યા હતા. તેમ જ ભાવમાં સાપ્તાહિક ધોરણે માર્ચ, ૨૦૨૩ પછીનો સૌથી મોટો ૫.૭ ટકાનો અથવા તો ૧૭૦ ડૉલર જેટલો ઉછાળો જોવા મળ્યો હતો. જોકે, અમુક વિશ્લેષકોનું માનવું છે કે યુક્રેન અંગે રશિયા અને અમેરિકા જો કુણું વલણ અપનાવે તો સોનાના ભાવમાં પુનઃ પીછેહઠ જોવા મળી શકે છે. આમ સોનાનાની તેજી-મંદી માટેના મૂળભૂત પરિબળોમાં તો અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કપાત અંગે કેવો નિર્ણય લે છે અને ભવિષ્યમાં કેવી નાણાનીતિ અપનાવશે તેના સંકેતો પર જ અવલંબિત રહેશે. ગત સપ્તાહે અમેરિકાની મંજૂરી પશ્ચાત્ યુક્રેને પશ્ચિમી દેશો તરફથી પ્રાપ્ત થયેલ મિસાઈલ રશિયા તરફ લૉન્ચ કરી હતી અને રશિયાએ કિવના હવાઈ દળે તેના વળતા જવાબરૂપે આંતરખંડીય બેલાસ્ટિક મિસાઈલનો હુમલો કરવાની જાણ કરવાની સાથે રશિયાના પ્રમુખ પુતિને યુક્રેન દ્વારા વાપરવામાં આવતા અમેરિકાના બ્રિટિશ શસ્ત્રોના ઉપયોગ બદલ વૈશ્વિક સંઘર્ષ વધવાની ચેતવણી પણ ઉચ્ચારી હતી અને મધ્યમ અંતરની હાઈપરસોનિક મિસાઈલ લૉન્ચ કરીને વધુ હુમલાની ધમકી આપતાં સોનામાં સલામતી માટેની માગ ખૂલતાં તેજીનું વલણ જોવા મળ્યું હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવ્યું હતું. વધુમાં તાજેતરમાં અમેરિકાના આર્થિક ડેટાઓ સારા આવવાની સાથે ગત સપ્તાહે અમેરિકા ખાતે બેરોજગારીનાં ડેટા પણ અપેક્ષા કરતાં સારા આવ્યા હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી વર્ષમાં વ્યાજદરમાં કાપ મૂકવાની ગતિ ધીમી રાખે તેવી શક્યતા પ્રબળ બની છે. આ સિવાય ગત સપ્તાહે શિકાગો ફેડના પ્રમુખ ગુલ્સબીએ પણ જણાવ્યું હતું કે અમેરિકામાં ફુગાવામાં વૃદ્ધિ ધીમી પડી રહી હોવાથી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ધીમી ગતિએ કાપ મૂકે તેવી શક્યતા છે. આમ વર્તમાન મૂળભૂત પરિબળો અને વૈશ્વિક રાજકીય-ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં લેતા આગામી સપ્તાહે સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૨૫૬૦થી ૨૭૮૦ ડૉલરની રેન્જમાં જોવા મળશે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૫,૦૦૦થી ૭૮,૫૦૦ની રેન્જમાં જોવા મળે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

ફેડરલ રિઝર્વ આગામી ૧૭-૧૮ ડિસેમ્બરની બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૫૩ ટકા શક્યતા સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ટ્રેડરો મૂકી રહ્યા છે, જ્યારે ગત સપ્તાહે આ શક્યતા ૮૩ ટકાના સ્તરે રહી હતી. જોકે, આગામી કૅલેન્ડર વર્ષ ૨૦૨૫માં નવાં ચૂંટાયેલા અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની વેપાર અને વેરાની નીતિ પર રોકાણકારોની નજર છે. અમુક વર્ગનું મંતવ્ય છે કે તેઓની નીતિ ફુગાવાલક્ષી રહેશે જે લાંબા સમયગાળે સોનાની તેજી માટે પ્રેરક પુરવાર થશે અને ડિસેમ્બરના મધ્ય સુધીમાં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૨૭૫૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા વિશ્લેષકો વ્યક્ત કરી રહ્યા છે. ■

ટોચની દસ કંપનીઓ પૈકી આઠના માર્કેટ કેપમાં ₹ ૧.૫૫ લાખ કરોડનો ઊછાળો

નવી દિલ્હીઃ ગત સપ્તાહ દરમિયાન સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં મક્કમ વલણ જોવા મળ્યું હોવાથી ટોચની દસ કંપનીઓ પૈકી આઠ કંપનીઓનાં માર્કેટ કેપિટલાઈઝેશન અથવા તો માર્કેટ કેપમાં રૂ. ૧,૫૫,૬૦૩.૪૫ કરોડનો વધારો થયો હતો, જેમાં એચડીએફસી બૅન્ક અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ મોખરે રહી હતી અને માત્ર રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ તથા લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઑફ ઈન્ડિયાના માર્કેટ કેપમાં ઘટાડો જોવા મળ્યો હતો.

અત્રે નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૧.૯૮ ટકા અથવા તો ૧૫૩૬.૮ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૧.૫૯ ટકા અથવા તો ૩૭૪.૫૫ પૉઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહે મુખ્યત્વે એચડીએફસી બૅન્કનું માર્કેટ કેપ રૂ. ૪૦,૩૯૨.૯૧ કરોડના ઊછાળા સાથે રૂ. ૧૩,૩૪,૪૧૮.૧૪ કરોડની સપાટીએ અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ)નું માર્કેટ કેપ રૂ. ૩૬,૦૩૬.૧૫ કરોડ વધીને રૂ. ૧૫,૩૬,૧૪૯.૫૧ કરોડની સપાટીએ રહ્યું હતું.

આ સિવાય અન્ય કંપનીઓ જેના માર્કેટ કેપિટલાઈઝેશનમાં વધારો જોવા મળ્યો હતો તેમાં આઈસીઆઈસીઆઈ બૅન્કનું માર્કેટ કેપ રૂ. ૧૬,૨૬૬.૫૪ કરોડ વધીને રૂ. ૯,૦૧,૮૬૬.૨૨ કરોડ, ઈન્ફોસિસનું માર્કેટ કેપ રૂ. ૧૬,૧૮૯.૩૩ કરોડ વધીને રૂ. ૭,૯૦,૧૫૧.૮૩ કરોડ, હિન્દુસ્તાન યુનીલિવરનું માર્કેટ કેપ રૂ. ૧૩,૨૩૯.૯૫ કરોડ વધીને રૂ. ૫,૭૪,૫૬૯.૦૫ કરોડ, આઈટીસીનું માર્કેટ કેપ રૂ. ૧૧,૫૦૮.૯૧ કરોડ વધીને રૂ. ૫,૯૪,૨૭૨.૯૩ કરોડ, ભારતી એરટેલનું માર્કેટ કેપ રૂ. ૧૧,૨૬૦.૧૧ કરોડ વધીને રૂ. ૮,૯૪,૦૬૮.૮૪ કરોડ અને સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાનું માર્કેટ કેપ રૂ. ૧૦,૭૦૯.૫૫ કરોડ વધીને રૂ. ૭,૨૮,૨૯૩.૬૨ કરોડની સપાટીએ રહ્યું હતું.

વધુમાં સપ્તાહ દરમિયાન ટોચની દસ કંપનીઓ પૈકી માત્ર લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઑફ ઈન્ડિયાનું માર્કેટ કેપ રૂ. ૧૧,૯૫૪.૨૪ કરોડ ઘટીને રૂ. ૫,૬૨,૫૪૫.૩૦ કરોડ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.નું માર્કેટ કેપ રૂ. ૨૩૮.૧૬ કરોડ ઘટીને રૂ. ૧૭,૧૩,૧૩૦.૭૫ કરોડની સપાટીએ રહ્યું હતું.

જોકે, વૅલ્યુએશનની દૃષ્ટિએ ગત સપ્તાહે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.એ ટોચનું સ્થાન જાળવી રાખ્યું હતું, ત્યાર બાદ અનુક્રમે ટીસીએસ, એચડીએફસી બૅન્ક, આઈસીઆઈસીઆઈ બૅન્ક, ભારતી એરટેલ, ઈન્ફોસિસ, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા, આઈટીસી, હિન્દુસ્તાન યુનીલિવર અને એલઆઈસી રહી હતી. ■

નવેમ્બરમાં અત્યાર સુધીમાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની ₹ ૨૬,૫૩૩ કરોડની વેચવાલી

નવી દિલ્હીઃ વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રોકાણનો પ્રવાહ ચીન તરફ વાળવાની સાથે બીજા ત્રિમાસિકગાળાના નિરુત્સાહી કોર્પોરેટ પરિણામો અને વૅલ્યુએશન પણ ઊંચા રહ્યા હોવાથી નવેમ્બર મહિનામાં અત્યાર સુધીમાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર-એફપીઆઈ (વિદેશી સંસ્થાકીય રોકાણકારો)ની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં નવેમ્બર મહિનામાં અત્યાર સુધીમાં રૂ. ૨૬,૫૩૩ કરોડનો બાહ્યપ્રવાહ જોવા મળ્યો છે.

અલબત્ત ગત ઑક્ટોબર મહિનાની સરખામણીમાં ચોખ્ખી વેચવાલીના દબાણમાં ઘટાડો જરૂર જોવા મળ્યો છે. ગત ઑક્ટોબર મહિનાનામાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોએ રૂ. ૯૪,૦૧૭ કરોડ (રૂ. ૧૧.૨ અબજ ડૉલર) પાછાં ખેંચ્યા હતા. તાજેતરની વેચવાલી સાથે વર્ષ ૨૦૨૪માં અત્યાર સુધીમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો ચોખ્ખો બાહ્યપ્રવાહ રૂ. ૧૯,૯૪૦ કરોડનો રહ્યો છે.

જોકે, ભવિષ્યમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોના ભારતીય ઈક્વિટીમાં આંતરપ્રવાહનો આધાર અમેરિકાના નવાં પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની નીતિઓ, ફુગાવાની સ્થિતિ, વ્યાજ દર, રાજકીય-ભૌગોલિક પરિબળો અને ભારતીય કોર્પોરેટ્સના ત્રીજા ત્રિમાસિકગાળાના પરિણામો પર અવલંબિત રહેશે, એમ મોર્નિંગસ્ટાર ઈન્વેસ્ટમેન્ટ રિસર્ચનાં એસોસિયેટ ડિરેક્ટર અને રિસર્ચ મૅનૅજર હિમાંશુ શ્રીવાસ્તવાએ જણાવ્યું હતું.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત બાવીસમી નવેમ્બર સુધીમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો રૂ. ૨૬,૫૩૩ કરોડનો ચોખ્ખો બાહ્યપ્રવાહ રહ્યો છે, જ્યારે ગત ઑક્ટોબર મહિનામાં સૌથી વધુ ચોખ્ખો બાહ્યપ્રવાહ રૂ. ૯૪,૦૧૪ કરોડનો રહ્યો હતો. જોકે, તે પૂર્વે સપ્ટેમ્બર મહિનામાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો આંતરપ્રવાહ નવ મહિનાની ઊંચી રૂ. ૫૭,૭૨૪ કરોડની સપાટીએ રહ્યો હતો.

ખાસ કરીને ભારતીય ઈક્વિટીનાં વૅલ્યુએશન અન્ય માર્કેટની તુલનામાં ઊંચા હોવાથી ચિંતાની શરૂઆત થઈ હતી. વધુમાં ચીન ખાતે નીચા વૅલ્યુએશન્સ ઉપરાંત ચીનની સરકારે આર્થિક વૃદ્ધિને વેગ આપવા માટે જાહેર કરેલા સ્ટિમ્યુલસ પૅકેજને ધ્યાનમાં લેતા વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી વધી હોવાનું શ્રીવાસ્તવાએ જણાવતાં ઉમેર્યું હતું કે આ ઉપરાંત નબળા કોર્પોરેટ પરિણામો અને વધતા ફુગાવાને કારણે વ્યાજદરમાં કપાતની શક્યતા મંદ પડતા વેચવાલીને વેગ મળ્યો હતો.

તે જ પ્રમાણે જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી કે વિજયકુમારે જણાવ્યું હતું કે નબળા કોર્પોરેટ પરિણામોને કારણે રોકાણકારોમાં નાણાકીય વર્ષ ૨૦૨૫ની કોર્પોરેટ આવક પર માઠી અસર થવાની ભીતિ સપાટી પર આવી હતી. જોકે, હવે ભારતમાં વેચો અને ચીનમાં ખરીદોની ટ્રમ્પ ટ્રેડ નીતિનો અંત આવી ગયો છે અને અમેરિકા ખાતે વૅલ્યુએશન ઊંચી સપાટીએ પહોંચ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું. આથી જ સેક્ટર અનુસાર જોઈએ તો એફપીઆઈ આઈટી શૅરો ખરીદી રહી છે, જ્યારે બૅન્ક શૅરોમાં વેચવાલીના દબાણ છતાં સ્થાનિક સંસ્થાકીય લેવાલીને ટેકે વલણ મક્કમ છે.

બીજી તરફ આ મહિનામાં ગત બાવીસમી નવેમ્બર સુધીમાં એફપીઆઈએ તેની ડેબ્ટ જનરલ લિમિટમાંથી રૂ. ૧૧૦૦ કરોડ પાછાં ખેંચ્યા છે અને ડેબ્ટ વૉલન્ટરી રિટેન્શન રૂટ મારફતે રૂ. ૮૭૨ કરોડની ચોખ્ખી ખરીદી કરી છે. તેમ જ આ વર્ષમાં અત્યાર સુધીમાં એફપીઆઈએ ડેબ્ટ માર્કેટમાં રૂ. ૧.૦૫ લાખ કરોડનું રોકાણ કર્યું છે. ■

મુક્ત વેપાર કરાર હેઠળ થતી સ્ટીલની આયાત ઉદ્યોગની વાજબી સમસ્યા

નવી દિલ્હીઃ મુક્ત વેપાર કરાર થયા હોય તેવા દેશો મારફતે સ્થાનિકમાં થતી અંદાજે ૬૨ ટકા જેટલી આયાત શૂન્ય ટકા આયાત જકાત ધોરણે થઈ રહી છે અને આવા શિપમેન્ટોમાં ડ્યૂટી વધારાની પણ કોઈ અસર નથી થતી, એમ તાજેતરમાં સ્ટીલ સચિવ સંદિપ પૉંડ્રીકે જણાવતા ઉમેર્યું હતું કે આયાતમાં વધારાથી અતિરિક્ત પુરવઠો ઉદ્યોગની સમસ્યા વાજબી છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે ચોક્કસ દેશો તરફથી થઈ રહેલી સસ્તી આયાતને કારણે સ્થાનિક ખેલાડીઓની સ્પર્ધાત્મક્તા પર માઠી અસર પડી રહી છે. આથી ઉદ્યોગે સ્ટીલના ઉત્પાદનોની પડતર કરતાં નીચા ભાવે અથવા તો સસ્તી આયાત ડામવા માટે કસ્ટમ ડ્યૂટીમાં વધારો કરવાની પણ માગ કરી હતી.

તાજેતરમાં ફિક્કી દ્વારા આયોજિત એક પ્રસંગમાં સંબોધન કરતાં સ્ટીલ સચિવે જણાવ્યું હતું કે જો સરકાર બેઝિક કસ્ટમ ડ્યૂટીમાં વધારો કરે તો પણ તેની ખાસ અસર જોવા નહીં મળે કેમ કે દેશમાં થતી કુલ આયાત પૈકી ૬૨ ટકા જેટલી આયાત મુક્ત વેપાર કરાર હેઠળ થઈ રહી છે. સ્થાનિક સ્ટીલ ઉદ્યોગની આ તદ્દન વાજબી સમસ્યા છે અને સરકાર તેનાથી વાકેફ પણ છે. સસ્તી આયાત અટકાવવા માટે એક નહીં પરંતુ અનેક રસ્તા છે પણ મુખ્ય સમસ્યાએ છે કે ૬૨ ટકા જેટલી બહોળી આયાત મુક્ત વેપાર કરાર હેઠળ થઈ રહી છે.

એકંદરે આ સમસ્યા છેલ્લાં એક વર્ષથી છે અને તેમાં પણ ખાસ કરીને છેલ્લાં બે મહિનામાં આંતરરાષ્ટ્રીય ભાવમાં ઘટાડો થવાને કારણે સ્થાનિકમાં ડમ્પિંગમાં વધારો જોવા મળ્યો છે. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર વર્તમાન નાણાકીય વર્ષના પહેલા છ મહિનામાં દેશમાં સ્ટીલની આયાતમાં ૬૧ ટકાનો વધારો થયો છે, જ્યારે નિકાસમાં ૩૬ ટકાનો ઘટાડો થયો છે. આથી આ સમયગાળામાં સ્ટીલ કંપનીઓમાં સ્ટોકનું સ્તર જે અગાઉ ૧૫થી ૧૬ દિવસની સપાટીએ હતું તે હવે વધીને ૩૦ દિવસ સુધીની સપાટીએ પહોંચતા ઉદ્યોગ સમસ્યાનો સામનો કરી રહ્યો છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે વર્તમાન નાણાકીય વર્ષના પહેલા છમાસિકગાળામાં સ્ટીલની માગમાં ૧૩ ટકાનો વધારો થયો છે અને માથાદીઠ વપરાશ વધીને ૧૦૦ કિલોગ્રામ તરફ વધી રહ્યો છે. તેમ જ દેશમાં હાલ સ્ટીલની ઉત્પાદન ક્ષમતા ૧૮ કરોડ ટનની છે અને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૩૦ કરોડ ટનના ઉત્પાદનનો લક્ષ્યાંક હાંસલ કરવા માટે ક્ષમતામાં વધુ ૧૨ કરોડ ટનનો ઉમેરો થશે.

બિગમિન્ટની આંકડાકીય માહિતી અનુસાર વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાન દેશમાં સ્ટીલની આયાત વધીને ૫૫.૧ લાખ ટન (૩૬.૬ લાખ ટન)ની સપાટીએ રહી છે. જેમાં આ સમયગાળામાં ખાસ કરીને ચીનથી આયાત જે ૧૦.૨ લાખ ટનની હતી તે વધીને ૧૮.૫ લાખ ટનની સપાટીએ રહી છે. નોંધનીય બાબત એ છે કે ભારતનાં જાપાન, દક્ષિણ કોરિયા, મૉરેશિયસ અને આસિયન દેશો સાથે મુક્ત વેપાર કરાર છે. ■

ભારત પાસે મહત્ત્વના ખનીજોની મર્યાદિત અનામત, ખેલાડીઓને લાંબાગાળાના પુરવઠાના સ્રોતની આવશ્યકતાઃ કેરએજ

મુંબઈઃ ભારતમાં લિથિયમ, કોબાલ્ટ, નિકલ અને અન્ય મહત્ત્વના ખનીજોના મર્યાદિત સંસાધનો છે આથી સ્થાનિક ખેલાડીઓએ મોટી માત્રામાં અનામત ધરાવતા દેશો તરફથી લાંબા સમયગાળા સુધી નોંધપાત્ર પુરવઠાની ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવી જોઈએ અને બેટરીના પુર્ન ઉપયોગ અને રિસાઈકલિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, એમ રેટિંગ એજન્સી કેર એજે તાજેતરમાં જણાવ્યું હતું.

આમ થતાં પર્યાવરણીય લાભો મળવાની સાથે આ ખનીજોને લગતી આયાતમાં ઘટાડો થવાની સાથે ભાવ ઘટશે અને પુરવઠાલક્ષી જોખમ હળવા થશે.

ભારતે આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં ઊર્જાની ૫૦ ટકા પ્રાથમિક આવશ્યકતાઓ રિન્યુએબલ એનર્જીના સ્રોતમાંથી પ્રાપ્ત કરવાનો મહત્ત્વકાંક્ષી લક્ષ્યાંક રાખ્યો છે. આ લક્ષ્યાંક હાંસલ કરવા માટે ભારતને નોંધપાત્ર માત્રામાં ઈલેક્ટ્રિક વાહનોના ક્ષેત્રે પ્રવેશની સાથે સાથે ગ્રીડ સ્તરની ઊર્જાસંગ્રહની ક્ષમતા વધારવાની આવશ્યકતા હોવાનું એજન્સીએ જણાવતા ઉમેર્યું હતું કે આ પરિવર્તન થકી એડવાન્સ કેમિસ્ટ્રી બેટરીઝ અને તેમાં પણ ખાસ કરીને લિથિયમ આયન બેટરીઝની જરૂરિયાતમાં નોંધપાત્ર વધારો થશે.

કેરએજ રેટિંગ્સના ડિરેક્ટર હાર્દિક શાહે જણાવ્યું હતું કે ઈલેક્ટ્રિક વાહનો અને રિન્યુએબલ એનર્જી સ્ટોરેજની જરૂરિયાતમાં વધારો થવાથી દેશમાં લિથિયમ આયન બેટરીઝના સ્ટોરેજની માગમાં પણ નોંધપાત્ર વધારો થવાની શક્યતા વ્યક્ત કરતાં તેમણે ઉમેર્યું હતું કે ભારતમાં ગિગા સાઈઝ ઈન્ટીગ્રેટેડ બેટરીઝની ક્ષમતામાં વધારો થતાં હાલ ભારત જે સંપૂર્ણ આયાતનિર્ભર છે તેની સામે નાણાકીય વર્ષ ૨૦૨૭ સુધીમાં આયાતનિર્ભરતા ઘટીને ૨૦ ટકા જેટલી થઈ જશે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે લિ-આયન બેટરીના ઉત્પાદન માટે લિથિયમ, કોબાલ્ટ અને નિકલ જેવાં મહત્ત્વનાં ખનીજો જોઈએ. આ ખનીજોની ભારતમાં કુદરતી અનામત મર્યાદિત છે આથી સ્થાનિક ખેલાડીઓએ લાંબા સમયગાળા સુધી પુરવઠો પૂરો પાડી શકે તેટલી અનામત ધરાવતા દેશોના સ્રોતની જરૂર હોવાની સાથે બેટરીના પુનઃ વપરાશ અને રિસાઈકલિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ જેથી ભાવમાં ઘટાડો થાય અને આ ખનીજોના પુરવઠાલક્ષી જોખમો હળવા થાય. ■

વર્તમાન નાણાકીય વર્ષમાં સીધા વેરાની વસૂલી લક્ષ્યાંક કરતાં વધશેઃ સીબીડીટી ચીફ

નવી દિલ્હીઃ વર્તમાન નાણાકીય વર્ષમા સીધા વેરાની વસૂલી સરકારનાં ૨૭.૦૭ લાખ કરોડ કરતાં વધુ રહેવાની શક્યતા સેન્ટ્રલ બોર્ડ ઑફ ડાયરેક્ટ ટેક્સિસ (સીબીડીટી)ના ચેરમેન રવી અગરવાલે આજે જણાવ્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે જે કરદાતાઓએ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના આવકવેરા પત્રકમાં (ઈન્કમટેક્સ રિટર્નમાં) તેની વિદેશી આવક અથવા તો અસ્ક્યામતો દર્શાવી નથી તેઓએ આગામી ૩૧મી ડિસેમ્બર સુધીમાં સુધારિત આવકવેરાપત્રક ફાઈલ કરવાનું રહેશે. જે કરદાતાઓએ હાઈ વૅલ્યુ એસેટ્સ દર્શાવી નથી તેઓને વેરા વિભાગ એસએમએસ અને ઈ-મેઈલ પાઠવવાની પ્રક્રિયા કરી રહ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું.

અત્રે ઈન્ડિયા ઈન્ટરનેશનલ ટ્રેડ ફેરમાં ટેક્સપેયર્સ લૉન્જનું ઉદ્ઘાટન કરતાં તેમણે જણાવ્યું હતું કે આવકવેરાની કાયદાકીય ભાષા સરળ અને સમજાય તેવી બનાવવાની સમીક્ષા માટે અંદાજે ૬૦૦૦ કરતાં વધુ ભલામણો આવી છે. અમને આશા છે અને અને અમારુ માનવું પણ છે કે કોર્પોરેટ અને નોન કોર્પોરેટ વેરાની વસૂલીમાં વધારો થતાં વર્તમાન નાણાકીય વર્ષમાં સીધા વેરા વસૂલી સરકારના અંદાજપત્રીય લક્ષ્યાંક કરતાં વધુ રહેશે.

સેન્ટ્રલ બોર્ડ ઑફ ડાયરેક્ટ ટેક્સિસની તાજેતરની આંકડાકીય માહિતી અનુસાર ગત પહેલી એપ્રિલથી ગત ૧૦મી નવેમ્બર સુધીમાં સીધા વેરાની ચોખ્ખી વસૂલી ૧૫.૪૧ ટકા વધીને રૂ. ૧૨.૧૧ લાખ કરોડની સપાટીએ રહી છે. જેમાં કોર્પોરેટ વેરાની વસૂલી ૫.૧૦ લાખ કરોડ અને નોન કોર્પોરેટ વેરા (વ્યાક્તિગત, હિન્દુ અવિભક્ત કુટૂંબ, ફર્મ)ની વસૂલી રૂ. ૬.૬૨ લાખ કરોડની સપાટીએ રહી હતી. આ સિવાય સિક્યોરિટી ટ્રાન્ઝેક્શન ટેકેસની વસૂલી રૂ. ૩૫,૯૨૩ કરોડની સપાટીએ રહી હતી.

નોંધનીય બાબત એ છે કે વર્તમાન નાણાકીય વર્ષ માટે સરકારે સીધા વેરાની વસૂલીનો લક્ષ્યાંક રૂ. ૨૨.૦૭ લાખ કરોડનો મૂક્યો છે. જેમાં ૧૦.૨૦ લાખ કોર્પોરેટ વેરાનો અને ૧૧.૮૭ લાખ કરોડ નોન કોર્પોરેટ,વ્યક્તિગત અને અન્ય વરાઓનો સમાવેશ થાય છે. ■

સિપ્લાએ જેનેરિક દવાના ૧૮૦૦ બોક્સ અમેરિકાથી પાછા મગાવ્યા

નવી દિલ્હીઃ અમેરિકી સ્વાસ્થ્ય નિયામકના જણાવ્યાનુસાર જેનેરિક દવાના બોક્સમાં ટેબ્લેટો તૂટેલી હોવાની ફરિયાદને ધ્યાનમાં લેતા અગ્રણી ડ્રગ ઉત્પાદક કંપની સિપ્લા અમેરિકાથી અંદાજે ૧૮૦૦ કરતાં વધુ બોક્સ પાછા મગાવી રહી છે.

તાજેતરનાં યુએસ ફૂડ ઍન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (યુએસએફડીએ)નાં એન્ફોર્સમેન્ટ અહેવાલ અનુસાર સિપ્લાનું અમેરિકા ખાતેનું એકમ લેન્થાનુમ કાર્બોનેટ ચ્યુએબલ ટેબ્લેટ્સ (૧૦૦૦ એમજી, ૧૦ બોટલ)નાં ૧૮૭૫ બોક્સ પાછા ખેંચી રહી છે. નોંધનીય બાબત એ છે કે લોહીમાં ફોસ્ફેટના ઊંચા સ્તરવાળા દર્દીની સારવાર માટે આ ટેબ્લેટનો ઉપયોગ થતો હોય છે.

યુએસએફડીએના જણાવ્યાનુસાર ટેબ્લેટનો ભુક્કો અથવા તો તૂટેલી ટેબ્લેટની ફરિયાદો મળતાં ન્યૂ જર્સી સ્થિત સિપ્લા યુએસએ ઈન્ક દવાના બોક્સ પાછા ખેંચી રહી છે. નોંધનીય બાબત એ છે કે આ વર્ષે ગત ૨૩ ઑક્ટોબરે દવા ઉત્પાદકે ક્લાસ ટૂ નેશનવાઈડ (યુએસ) રિકૉલ અમલી બનાવ્યું હતું.

અમેરિકી ડ્રગ નિયામક અનુસાર ક્લાસ ટૂ રિકૉલ ત્યારે અમલી થાય જ્યારે તેના વપરાશ, ઉલ્લંઘનથી સ્વાસ્થ્ય પર કામચલાઉ માઠી અસર પડે અથવા તો તબીબી દૃષ્ટિએ આડઅસર થતાં સ્વાસ્થ્ય પર ગંભીર અસર થવાની ભીતિ હોય. ■